ગાંધીનગર સમાચાર

**કુડાસણ બેઠક માટે હજુ પણ સસ્પેન્સ યથાવત**

# પંચાયતની ૩૦ બેઠક માટે ૧૨૬ ઉમેદવારો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૩૦ બેઠક માટે ૧૨૬ ઉમેદવારોએ મેદાનમાં ઝુકાવ્યુ છે. જોકે કોંગ્રેસ પક્ષ દ્વારા આજે પણ તેના સત્તાવાર ઉમેદવારોની યાદી જારી થઈ શકી નથી.



આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે પણ ઉમેદવારોનો ભારે ધસારો રહેવા પામ્યો હતો. જિલ્લા પંચાયતના જંગ માટે આજે વધુ ૬૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

આજે પણ સૌથી વધુ ઉમેદવારો ગાંધીનગર તાલુકાની ૧૦ બેઠક માટે ૨૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં કોંગ્રેસના ૧૧, ભાજપના ૪ અને અપક્ષ ૪ ઉમેદવારો ઉપરાંત બસપામાંથી પણ એક ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે.

કલોલ તાલુકામાં ૧૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. બેઠકો માટે કુલ ૩૩ ઉમેદવારો મેદાનમાં છે.

દહેગામમાં ૧૨ ઉમેદવારોએ આજે ઉમેદવારી નોંધાવતા કુલ ઉમેદવારો ૨૭ થયા છે જ્યારે માણસામાં ૧૧ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતાં કુલ ઉમેદવારો ૨૬ થયા છે.

કલોલ અને દહેગામ દિપાવલી પર્વની ચાર દિવસની રજાને અંતે હવે ૧૪મીએ અંતિમ દિવસ છે. ૧૪મીએ લગભગ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે

## બે નગરપાલિકામાં ૭૨ બેઠક માટે ૩૦૫ ઉમેદવારો નોંધાયા

નગરપાલિકા માટે કુલ ૩૦૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. દહેગામ નગરપાલિકાની ૨૮ બેઠકો માટે આજે વધુ ૬૧ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતા કુલ ઉમેદવારોની સંખ્યા ૧૧૧ થવા પામી છે.

કલોલ નગરપાલિકામાં આજે સવારથી જ ઉમેદવારી નોંધાવવા માટે ઉમેદવારોનો ધસારો જોવા મળ્યો હતો. આજે પણ ટોકન આપી ઉમેદવારોના ઉમેદવારીપત્રો સ્વીકારવાની કામગીરી મોડે સુધી ચાલી હતી. ગઈકાલે ૯૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી જ્યારે ૧૦૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. આમ કલોલ નગરપાલિકાની ૪૪ બેઠક માટે ૧૯૪ ઉમેદવારો મેદાનમાં છે.

ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે. જ્યારે ૧૬મી એ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો તેમ રાજકીય આગેવાનો માની રહ્યા છે. જો કે આખરી ચિત્ર ૧૬મીએ જ ઉપસી આવશે.

## નિરીક્ષક તરીકે અનીશ માંકડ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા તાલુકા પંચાયત અને બે નગરપાલિકા માટે ટેકનીકલ શિક્ષણના કમિશનર શ્રી અનીશ માંકડની નિરીક્ષક તરીકે નિમણુંક કરવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે દરેક જિલ્લામાં નિરીક્ષકોની નિમણુંક કરી છે. ગાંધીનગર જિલ્લા માટે નિરીક્ષક તરીકે મુકાયેલ શ્રી માંકડ દિવાળી પછી ઓફિસ ખુલતાં જ કલેક્ટર કચેરી આવશે અને ચૂંટણી અધિકારીઓ સાથે પરિસ્થિતિ અંગે સમીક્ષા કરશે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત થયેલ નિરીક્ષકશ્રી આચારસંહિતા તેમજ ખર્ચ સહિતની તમામ બાબતો અંગે પોતાનો અહેવાલ રાજ્ય ચૂંટણી પંચને આપશે.

## કુડાસણ બેઠક માટે હજુ પણ સસ્પેન્સ યથાવત

### કોલવડામાં ઉષાબેન પટેલે ભાજપમાંથી અને સોનલબેન પટેલે કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી : ૧૦ બેઠકો માટે ૪૦ ઉમેદવારો નોંધાયા

ગાંધીનગર, તા. ૧૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે પણ ગાંધીનગર તાલુકામાં આવતી જિલ્લા પંચાયતની કુડાસણ બેઠક માટે છેલ્લી ઘડી સુધી વિવાદ રહેવા પામ્યો હતો.

આ બેઠક માટે તાલુકામાં સૌથી વધુ ઉમેદવારો નોંધાયા છે. અહિ સાત ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં કોંગ્રેસના ત્રણ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

કોંગ્રેસ તરફથી આજે ઉમેદવારી નોંધાવનારાઓમાં ઠાકોર બેચરજી સવધાનજી, પટેલ અંબાલાલ વર્ધાભાઈ અને ગોહિલ વિરેન્દ્રસિંહ બળવંતસિંહનો સમાવેશ થાય છે. જો કે મોડી સાંજે કોંગ્રેસ તરફથી જે

● અનુસંધાન પાન-૭ પર

## આર.ટી.ઓ.કચેરીમાં વાહન પાર્કીંગ માટે જગ્યા ફાળવવામાં આવતી નથી

ગાંધીનગર તા ૧૦

શહેરના ગ માર્ગ પર સ્થિત રાજયની હાઈટેક આર ટી ઓ કચેરીને પાર્કીંગની સમસ્યા ભરખી ગઈ છે. આર ટી ઓ કચેરીમાં રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. જેના પરિણામે અરજદારોએ પરેશાની ભોગવવી પડે છે. પાર્કીંગની સમસ્યા શિરદર્દ સમાન બની છે. બીજીતરફ આર ટી ઓ કચેરી દ્વારા કચેરીની બાજુમાં સ્થિત ખુલ્લી જગ્યા પાર્કીંગ માટે વન વિભાગને ફાળવવા રજુઆત કરી છે. પરંતુ વૃક્ષો કાપવા પડે તેમ હોવાથી વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવતી નથી. જેના પરિણામે હાઈટેક આર ટી આ કચેરીને પાર્કીંગની જટીલ સમસ્યા ઘેરી વળી છે.

### ટ્રાફિક નિયમનના ભંગ બદલ દંડ વસુલતા તંત્રની કચેરીના સંકુલમાં જ આડેધડ પાર્કીંગ : વન વિભાગ સમક્ષ રજુ કરાયેલી દરખાસ્તને પણ મંજુરી અપાતી નથી

શહેરમાં નો પાર્કીંગ ઝોન તેમજ ટ્રાફિકના નિયમનના ભંગ બદલ દંડ વસુલી કરતા આર ટી ઓ તંત્રને જ પાર્કીંગની સમસ્યા ઘેરી વળી છે. આર ટી ઓ કચેરીના સંકુલમાં રોજબરોજ વાહનોનો આડેધડ ખડકલો થાય છે. જેના પરિણામે મહીલાઓ તેમજ સિનિયર સિટીઝન્સને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં આમપણ નવા વાહનો નોંધણીની પ્રકીયા માટે આવતા હોય

● અનુસંધાન પાન-૭ પર


## ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેન્ક લિ., ગાંધીનગર

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪॥, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોન નં. ૨૩૨-૪૭૨૧૫, ૨૩૨-૨૧૯૮૫

બેન્ક એટલે નાગરિક... નાગરિક એટલે... નાગરિક બેન્ક... આપની સેવામાં...

**પ્રગતિના સોપાન**

| | |
|---|---|
| શેર ભંડોળ | ૪૯૭ લાખ |
| ડિપોઝીટ | ૧૪૨૫૯ લાખ |
| ધિરાણ | ૭૫૪૧ લાખ |
| કાર્યકારી ભંડોળ | ૧૮૩૧૨ લાખ |

**ગાંધીનગર લાગણીને માન આપીને થાપણો ઉપર નક્કી કરેલ આકર્ષક વ્યાજના દરો**

| | |
|---|---|
| ૧૫ દિવસથી ૪૫ દિવસ | ૪.૦૦% |
| ૪૬ દિવસથી ૯૦ દિવસ | ૪.૫૦% |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૫.૫૦% |
| ૧૮૧ દિવસથી ઉપર ૩૬૫ દિવસ | ૭.૨૫% |
| ૩૬૬ દિવસ અને તેથી ઉપર પરંતુ ૩૬ માસ | ૮.૨૫% |
| ૩૬ માસથી ઉપર પરંતુ ૬૦ માસે | ૮.૫૦% |

નોંધ :- ૧. સિનિયર સિટીઝનને ૦.૨૫% વધુ વ્યાજ આપી શકાશે.
૨. સિનિયર સિટીઝનની ઉંમર ૬૦ વર્ષ અને તેથી ઉપર ગણાશે.

**ખાસ વહેપારી એકમો માટે કેશક્રેડિટ ધિરાણ ઉપર વ્યાજનો દર ૧૨.૦%**

**આ ઉપરાંત અન્ય ધિરાણના વ્યાજના દરો નીચે જણાવ્યા મુજબ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ટુ વ્હીલર ધિરાણ | ૧૧.૫% | ૮. | એજ્યુકેશન લોન | ૧૨.૦% |
| ૨. | ફોર વ્હીલર | ૧૧.૫% | ૯. | એન.એસ.સી. સામે ધિરાણ | ૧૧.૦% |
| ૩. | ઓટો રીક્ષા માટે (૧૫૦૦૦૦ સુધી) | ૧૨.૫% | ૧૦. | હાઈપો ટર્મ લોન | ૧૨.૦% |
| ૪. | કન્ઝ્યુમર ચીજોની ખરીદી માટે | ૧૨.૦% | ૧૧. | હાઈપોથીકેશન કેશક્રેડિટ | ૧૨.૦% |
| ૫. | સિક્યોર્ડ લોન | ૧૨.૦% | ૧૨. | પર્સનલ | ૧૩.૦% |
| ૬. | અનસિક્યોર્ડ લોન | ૧૩.૦% | ૧૩. | પ્રોજેક્ટ હાઉસીંગ લોન | ૧૧.૦% |
| ૭. | સિક્યોર્ડ હાઉસીંગ લોન | ૧૨.૦% | ૧૪. | જૂનું વ્હીકલ | ૧૫.૦% |

વિશેષતાઓ :- (૧) ખાતેદારોને ઓટો.એસ.એમ.એસ.થી વ્યવહારોની જાણ કરવાની સિસ્ટમ
(૨) સ્ટેમ્પ ફ્રેન્કીંગ સેવાઓ ઉપલબ્ધ
(૩) આ.ટી.જી.એસ. સુવિધા પ્રાપ્ય
(૪) ગેસ બિલ કલેક્શન સેવાઓ ઉપલબ્ધ

ડો. હિમાંશુ વી. પટેલ — ચેરમેન
મનુભાઈ બી. પટેલ — મેનેજીંગ ડિરેક્ટર
નરેન્દ્રભાઈ એમ. શાહ — વાઈસ ચેરમેન
હરેશ એ. પંચાલ — જનરલ મેનેજર

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ**

અશોકભાઈ જી. પટેલ — વિક્રમભાઈ કે. પટેલ
પ્રવિણકુમાર ડી. પટેલ — ચંદ્રકાન્તભાઈ સી. પટેલ
અશોકભાઈ આર. પટેલ — લાલસિંહ કે. વાઘેલા
ઘનશ્યામભાઈ કે. પટેલ — વિપુલભાઈ આર. પટેલ
જયંતિલાલ એમ. પટેલ — વિષ્ણુભાઈ આઈ. પટેલ








Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com